# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-02-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

*****************************************************

1) સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન- CBSE ની ધોરણ 10 અને 12ની પરીક્ષાનો દેશભરમાં પ્રારંભ

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાંચીમાં બીઆઇટી મેસરાની પ્લેટિનમ જ્યુબિલી સમારોહમાં હાજરી આપી

3) મહાકુંભમાં જઈ રહેલા છત્તીસગઢના 10 શ્રદ્ધાળુનું વાહન પ્રયાગરાજ નજીક બસ સાથે અથડાતાં 10નાં મૃત્યુઃ 19ને ઇજા

4) સેમ ઓલ્ટમેનની આગેવાની હેઠળની ઓપન એઆઈએને ખરીદવાની એલોન મસ્કની ઓફરને કંપનીએ ફગાવી

5) મહિલા ક્રિકેટ પ્રિમીયર લીગમાં આજે વડોદરામાં મુંબઇ ઇન્ડિયન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ રમાશે

..............................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# CBSE EXAM

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન- CBSE ની ધોરણ 10 અને 12ની પરીક્ષાનો આજથી પ્રારંભ થયો છે. આશરે 42 લાખ વિદ્યાર્થી આ પરીક્ષા આપી રહ્યા છે. બોર્ડનાં આંકડા પ્રમાણે દેશમાં 7 હજાર 842 અને વિદેશમાં 26 કેન્દ્રો પર પરીક્ષા ચાલી રહી છે. ધોરણ 10ની પરીક્ષા 10 માર્ચ અને ધોરણ 12ની 4 એપ્રિલ સુધી ચાલશે. બંને પરિક્ષા સવારે 10-30થી બપોરે 1-30 વાગ્યા સુધી યોજાશે.
સીબીએસઇએ પ્રથમ વાર વેબકાસ્ટની વ્યવસ્થા કરી છે.

. . . . . . . . . . . . . . . .

# PARIKSHA PE CHARCHA - 5TH EPISOD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી માને છે કે, સાચી પ્રગતિ માત્ર શૈક્ષણિક ઉત્કૃષ્ટતાથી જ નહીં પણ આંતરિક વૃધ્ધિથી આવે છે. તેમણે જણાવ્યું કે, સ્વ-જાગૃતિ અને સચેતન દ્વારા યુવાનો સ્પષ્ટતા, સ્થિતિસ્થાપકતા અને હેતુની મજબૂત ભાવના વિક્સાવી શકે છે.

પરીક્ષા પે ચર્ચા 2025ની પાંચમી આવૃત્તિ વિદ્યાર્થીઓને મનના ચમત્કારથી અવગત કરાવે છે. પ્રસિધ્ધ આધ્યાત્મિક નેતા, સદગુરુએ શિક્ષણને રમતિયાળ બનાવવા અને સંતુલિત અને જીવંત મન કેળવવા પર આંતરદૃષ્ટિ રજૂ કરી.

સદગુરુએ એકાગ્રતા વધારવા અને પરીક્ષામાં ઉત્કૃષ્ટતા મેળવવા માટે શક્તિશાળી મન વિક્સાવવાની તકનીકોની માહિતી આપી. તેમણે કહ્યું કે, શિક્ષણ

માત્ર પરીક્ષા પૂરતું મર્યાદિત નથી. તેમણે વિદ્યાર્થીઓને તેમની બુદ્ધિમત્તાને ગતિશીલ સ્થિતિમાં રાખવા જણાવ્યું હતું.

. . . . . . . . . . . . . . . .

# PRESIDENT RANCHI AADI MAHOTSAV 2025

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ગઈ કાલથી ઝારખંડની બે દિવસની મુલાકાતે છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે કેન્દ્ર સરકાર ઉચ્ચ શિક્ષણમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો સમાવેશ કરવા માટે પગલાં લઈ રહી છે. આજે રાંચીના મેસરા ખાતે બિરલા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના પ્લેટિનમ જ્યુબિલી સમારોહને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું કે વિકસિત ભારતના નિર્માણ માટે યુવાનોનો ઉત્સાહ અને પ્રતિબદ્ધતા ખૂબ જ મહત્વપૂર્ણ છે. રાષ્ટ્રપતિ ગઈકાલે બે દિવસની મુલાકાતે રાંચી પહોંચ્યા હતા.

રાષ્ટ્રપતિએ ભાર મૂક્યો હતો કે યુવાનોનો ઉત્સાહ અને પ્રતિબદ્ધતા 'વિકસિત ભારત'ના નિર્માણમાં મુખ્ય ભૂમિકા ભજવશે. તેમણે વધુમાં કહ્યું કે, નવીનતાઓ અને ઉદ્યોગસાહસિકોએ પરંપરાગત સમુદાયોના જ્ઞાન આધારને અવગણવો જોઈએ નહીં. મહિલા સશક્તિકરણ વિશે બોલતા, રાષ્ટ્રપતિએ કહ્યું, મહિલાઓ વિજ્ઞાન, એન્જિનિયરિંગ, ટેકનોલોજી અને ગણિતમાં પાછળ નથી. રાષ્ટ્રપતિએ શિક્ષણ અને નવીનતામાં શ્રેષ્ઠતાના 70 વર્ષ પૂર્ણ કરનાર BIT મેસરાના સમૃદ્ધ વારસા પર પણ ગર્વ વ્યક્ત કર્યો.

રાષ્ટ્રપતિ આવતીકાલે નવી દિલ્હીના મેજર ધ્યાનચંદ સ્ટેડિયમ ખાતે આદિ મહોત્સવ-2025નું ઉદ્ઘાટન કરશે.

આ મહોત્સવ લોકોને આદિવાસી સમુદાયોનની ઉદ્યોગસાહસિકતા, હસ્તકલા, સંસ્કૃતિ અને ખોરાક અને વ્યાપારી જીવનનો પરિચય કરાવે છે. આદિવાસી બાબતોના રાજ્યમંત્રી, દુર્ગાદાસ ઉઇકે જણાવ્યું કે, આ ઉત્સવ આદિવાસી કારીગરો અને ઉદ્યોગસાહસિકોને વિવિધ રાજ્યોના લોકોને તેમના ઉત્પાદનો અને રચનાઓ પ્રદર્શિત કરવાની તક પૂરી પાડે છે.

. . . . . . . . . . . . . . . .

# VICE PRESIDENT JAMMU

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે જમ્મુની એક દિવસની મુલાકાતે પહોંચ્યા છે. ઉપરાષ્ટ્રપતિ કટરા ખાતે શ્રી માતા વૈષ્ણો દેવી યુનિવર્સિટી (SMVDU) ના 10મા દીક્ષાંત સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે અધ્યક્ષતા કરશે.

આકાશવાણીના જમ્મુ પ્રતિનિધિના અહેવાલ મુજબ, ઉપરાષ્ટ્રપતિ રિયાસી જિલ્લામાં ત્રિકુટા ટેકરીઓ પર સ્થિત માતા વૈષ્ણો દેવી મંદિર અને ભૈરોંજી મંદિરમાં પણ પ્રાર્થના કરશે.

. . . . . . . . . . . . . . . .

# PM USA

ફ્રાન્સ અને અમેરિકાની મહત્વપૂર્ણ અને ફળદાયી મુલાકાત પૂર્ણ કર્યા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે ભારત પરત ફર્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આમંત્રણ પર અમેરિકાની મુલાકાતે ગયા હતા. ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળમાં  પ્રધાનમંત્રીની અમેરિકાની આ પ્રથમ મુલાકાત હતી.

આ મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રીએ વોશિંગ્ટનમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે દ્વિપક્ષીય ચર્ચાઓ કરી હતી. ગુરુવારે મોડી રાત્રે વ્હાઇટ હાઉસમાં ચાર કલાક સુધી દ્વિપક્ષીય ચર્ચા થઈ હતી.

આ અગાઉ પ્રધાનમંત્રીએ ફ્રાંસની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે ફ્રેન્ચ પ્રમુખ ઇમેન્યુલ મેક્રોં સાથે આર્ટિફિશિલ ઇન્ટેલિજન્સ શિખર સંમેલનની સહ અધ્યક્ષતા કરી હતી.

. . . . . . . . . . . . . . . .

# UP ACCIDENT

આજે વહેલી સવારે પ્રયાગરાજમાં મહાકુંભમાં ભાગ લેવા જઈ રહેલા છત્તીસગઢના કોરબા વિસ્તારના 10 શ્રધ્ધાળુ મોતને ભેટ્યા હતા. ઉત્તરપ્રદેશમાં મિર્ઝાપુર-પ્રયાગરાજ ધોરીમાર્ગ પર મધ્યપ્રદેશના રાજગઢથી ભક્તોથી ભરેલી બસ સાથે તેમના વાહનની ટક્કરથી આ દુર્ઘટના સર્જાઈ હતી.

ઝડપી ગતિથી જઈ રહેલી એસયુવી સામેથી આવી રહેલી બસ સાથે અથડાતાં આ અકસ્માત સર્જાયો હતો. ઘટનામાં 19 લોકોને ઇજા થઈ હતી. બસમાં શ્રધ્ધાળુ પ્રવાસ કરી રહ્યા હતા.

આ ગમખ્વાર અકસ્માતની નોંધ લઈને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વહીવટીતંત્રનાં અધિકારીઓને ઘટના સ્થળે પહોંચીને ઝડપથી રાહત કાર્ય કરવા નિર્દેશ આપ્યો હતો.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# SCINDIA – BSNL

ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL) એ 2024-25 ના ત્રીજા ત્રિમાસિક સમયગાળામાં 262 કરોડ રૂપિયાનો નફો નોંધાવ્યો છે. આ સિદ્ધિ જાહેર ક્ષેત્રના સાહસોને મજબૂત બનાવવા અને સૌના માટે મજબૂત, સસ્તી અને સુલભ ટેલિકોમ સેવાઓ સુનિશ્ચિત કરવા માટેની સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

નવી દિલ્હીમાં ગઇકાલે મીડિયા સાથે વાત કરતા, કેન્દ્રીય સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ કહ્યું કે, 17 વર્ષમાં પહેલીવાર, BSNL એ ત્રિમાસિક ધોરણે નફો નોંધાવ્યો છે.

. . . . . . . . . . . . . . .

# INFLATION

જાન્યુઆરી 2025 માં દેશનો જથ્થાબંધ ભાવ સૂચકાંક પર આધારિત ફુગાવો 2.31 ટકા રહ્યો. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, ડિસેમ્બર 2024 માં, તે વાર્ષિક ધોરણે 2.37 ટકા હતો. જાન્યુઆરીમાં પ્રાથમિક ચીજવસ્તુઓનો વાર્ષિક ફુગાવાનો દર ઘટીને 4.69 ટકા થયો જે ડિસેમ્બરમાં 6.02 ટકા હતો.

જાન્યુઆરીમાં ઇંધણ અને વીજળીમાં 2.78 ટકાનો ઘટાડો નોંધાયો હતો. ડેટા દર્શાવે છે કે, ખાદ્ય જથ્થાબંધ ભાવ સૂચકાંક પર આધારિત વાર્ષિક ફુગાવો ગયા મહિને ઘટીને 7.47 ટકા થયો હતો, જે ડિસેમ્બરમાં 8.89 ટકા હતો.

. . . . . . . . . . . . . . .

# OPEN AI OFFER

સેમ ઓલ્ટમેનની આગેવાની હેઠળની ઓપન એઆઈએ અબજોપતિ એલોન મસ્કની 97.4 અબજ ડોલરની ઓફરને નકારી કાઢી છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક નિવેદનમાં, ઓપનએઆઈ બોર્ડના અધ્યક્ષ બ્રેટ ટેલરે મસ્કની બોલીને "તેમની સ્પર્ધામાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ" તરીકે વર્ણવી હતી.

ટેલરે પોસ્ટમાં જણાવ્યું કે, "ઓપન એઆઈ વેચાણ માટે નથી, અને બોર્ડે સર્વસંમતિથી શ્રી મસ્કના તેમની સ્પર્ધામાં વિક્ષેપ પાડવાના તાજેતરના પ્રયાસને નકારી કાઢ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, ઓપન એઆઈનું કોઈ પણ સંભવિત પુનર્ગઠન આર્ટિફિશિયલ જનરલ ઇન્ટેલિજન્સ (એજીઆઈ) થી સમગ્ર માનવતાને લાભ થાય તે સુનિશ્ચિત કરવા માટે તેના બિનનફાકારક મિશનને મજબૂત બનાવશે. અહેવાલો અનુસાર, ઓપન એઆઈએ મસ્કના વકીલને એક પત્ર દ્વારા કંપનીનાં નિર્ણયની જાણ કરી છે.

. . . . . . . . . . . . . . . .

# WPL

ક્રિકેટમાં, વીમેન્સ પ્રિમીયર લીગ 2025માં આજે વડોદરાના કોટામ્બી સ્ટેડિયમમાં મુંબઇ ઇન્ડિયન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ રમાશે, મેચ સાંજે સાડા સાત કલાકે શરૂ થશે.

પ્રથમ મેચમાં ગઈકાલે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ-RCBએ ગુજરાત જાયન્ટ્સને 6 વિકેટે પરાજય આપ્યો હતો.

WPLની ત્રીજી સીઝનમાં 5 ટીમો રમી રહી છે. ફાઇનલ મેચ 15 માર્ચે મુંબઇનાં બ્રેબોર્ન સ્ટેડિયમમાં રમાશે.

. . . . . . . . . . . . . . . .

# MUNICH CONFERENCE

જર્મનીમાં મ્યુનિક સુરક્ષા પરિષદ દરમિયાન વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે તેમના યુક્રેનિયન સમકક્ષ એન્ડ્રી સિબિહા સાથે વાતચિત કરી હતી. બંને નેતાઓએ

યુક્રેન સંઘર્ષના ઉકેલ માટે ચાલી રહેલા પ્રયાસો પર ચર્ચા કરી હતી. તેમણે ભારત-યુક્રેન દ્વિપક્ષીય સહયોગને વધુ આગળ વધારવા પર પણ વાત કરી હતી.

ડૉ. જયશંકરે જર્મનીના સંરક્ષણ મંત્રી બોરિસ પિસ્ટોરિયસને પણ મળ્યા. તેમની વાતચીત દ્વિપક્ષીય સહયોગ અને યુક્રેન વિકાસ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

61મી મ્યુનિક સુરક્ષા પરિષદ (MSC) ગઈકાલે જર્મનીના મ્યુનિક ખાતે શરૂ થઈ હતી, જેમાં વૈશ્વિક સુરક્ષા પડકારોની ચર્ચા કરવા માટે નીતિ નિર્માતાઓ અને નિષ્ણાતો એકત્રિત થાય છે.

. . . . . . . . . . . . . . . .

# GULVEER SINGH - NR

ભારતના ગુલવીરસિંહે બોસ્ટનમાં ડેવિડ હેમેરી ઇન્વિટેશનલ મીટમાં ઇન્ડોર પુરુષોની 3000 મીટર દોડમાં 17 વર્ષ જૂનો રાષ્ટ્રીય રેકોર્ડ તોડીને ઇતિહાસમાં પોતાનું નામ નોંધાવ્યું છે.

7 મિનિટ 38.26 સેકન્ડ સાથે, સિંહે માત્ર રજત ચંદ્રક જ નહીં, પરંતુ સુરેન્દ્ર સિંહ દ્વારા સ્થાપિત અગાઉના રાષ્ટ્રીય રેકોર્ડને 11 સેકન્ડથી તોડયો હતો.

એડમ્સ સ્ટેટનું પ્રતિનિધિત્વ કરતા રોમેન લેજેન્ડ્રેએ સુવર્ણ ચંદ્રક જીત્યો, જ્યારે મોર્ગન બીડલ્સકોમ્બે કાંસ્ય ચંદ્રક જીત્યો. ગુલવીરસિંહ પાસે હવે બહુવિધ શ્રેણીઓમાં 3 રાષ્ટ્રીય રેકોર્ડ છે.

. . . . . . . . . . . . . . .